માસિકની પુરવણી

સ્વામિનારાયણ સંપ્રદાયના સ્વધર્મનિષ્ઠ
ધર્મબંધુઓને માટે

પ્રણવનાદ.

સંવત ૧૯૭૭. સને ૧૯૨૦.

લેખક તથા પ્રકાશક
રતીલાલ કરૂણાશંકર ઓઝા,
જામનગર.
હાલ
નાગરવાડા રીચીરોડ-અમદાવાદ.

પ્રત ૧૫૦૦.

ભૂમિકા.

વિશ્વમાં અનાદિ કાળનો દેવાસુર સંગ્રામ ચાલી ર[illegible] અસુરોને હંફાવવા એ કઠિન કાર્ય છે, છતાં શ્રી કૃષ્ણચં[illegible]નુસાર ભગવત્કૃપાથી દેવોનો વિજયજ થાય છે તેજ પ્ર[illegible] ઉદ્ધવ સંપ્રદાયમાં પણ સત્યાસત્યનો વિગ્રહ ચાલ્યો અને [illegible]નોજ જય થયો છે અને વર્તમાનકાળે પણ જે સંગ્રામ ચાલે છે તેમા [illegible]ત્યનોજ જય થશે એ નિઃશંક છે.

આ સંગ્રામનું કારણ માયા, મોહ, દ્રવ્ય, સત્તા તેમજ કામ ક્રોધાદિ વિકારો છે. તે માયામોહનો સમૂલ નાશ થાય તોજ શાશ્વતી શાંતિ મળી શકે છે. શ્રીજી મહારાજે માયામોહનું મૂળ રહેવા દીધું નથી. અને ભવિષ્યમાં પણ આ માયામોહ સંપ્રદાયને શિથિલ ન કરે તે માટે અત્યંત કાળજી રાખી છે. પણ જેમ રાજા નિષ્કંટક રાજ્ય ભોગવતાં સમયમાં ગાફેલ રહે તો કોઇ દુશ્મન આક્રમણ કરે તેવો સંભવ રહે છે તેમ શ્રીજી મહારાજે પૃથ્વીભરમાં ન હોય એવો અપૂર્વ નિષ્કલંક સંપ્રદાય સ્થાપી દિગ્વિજય કર્યો હતો, પરંતુ પાછળના નેતાઓ—ધર્મધુરંધર આચાર્યો ગાફેલ રહ્યા તેથી માયામોહે પ્રવેશ કર્યો અને સત્સંગ શિથિલ થવા લાગ્યો. આ સમયે દરેક ઉદ્ધવમતાનુયાયીની—ત્યાગી કે ગૃહીની—ફરજ છે કે તેમણે આ માયામોહ નિર્મૂળ કરવા કટિબદ્ધ થવું.

[illegible]ના દુશ્મનને હરાવવા કઠિન નથી. પણ અંતરશત્રુ—કામ ક્રોધાદિ—તથા સત્સંગમાં છૂપા અસૂરોને જીતવા બહુ કઠિન છે. શ્રીજી મહારાજે કહ્યું છે કે કોઢિઆના રોગની પેઠે એવા આસુરી [illegible]ના તરત પ્રતિકાર કર્યાથીજ કુશળ રહેવાય છે તેમ અત્યારે પણ જે [illegible]સુરી અંશો છે તેનો સર્વથા બહિષ્કાર કર્યાથીજ શાંતિ થશે.

વર્તમાન કલેશ અમદાવાદ દેશમાં ઉપસ્થિત થયો છે તેમાં [illegible]ને પક્ષો તરફથી હેંડબીલો વગેરે બહાર પડે છે, અર્થાત્ વાગ્યુદ્ધ ચાલે છે. પણ હાલ "તટસ્થ" કહેવાતા ઠાસરાના રા. ત્રિકમલાલ ગોવિંદલાલ દેસાઇ તરફથી એક "ઘંટનાદ" નામનું ચોપાનીયું બહાર પડયું છે. તેમાં કેટલીક હકીકત સત્યથી વેગળી છે એટલુંજ નહિ પણ અસત્ય હકીકત આપી આડે માર્ગે દોરી, અસભ્ય ભાષા વાપરી સંપ્રદાયમાં કલહ વધારનારી છે માટે તેના જવાબ રૂપેજ માત્ર નહિ પણ સંપ્રદાયના ખરા રોગનું સત્ય નિદાન કરી શાસ્ત્રાનુસાર ચિકિત્સા કરવા માટેજ આ "પ્રણવનાદ" ઉદ્ધવ મતાનુયાયી બંધુઓને સંભળાવવાનું ઉચિત ધાર્યું છે. આશા છે કે આ પ્રણવનાદ સઘળી ભ્રાંતિને દૂર કરી અજ્ઞાનાવરણ ભેદી શ્રી કૃષ્ણચંદ્રની મધુર બંસરીનો અનાહત ધ્વનિ સંભળાવશે અને સર્વને શાંત આનંદ આપશે.

રીચીરોડ, અમદાવાદ.
કાર્તક શુકલ ૧૧-૧૯૭૭.

લી. સત્સંગ સેવક,
[illegible]તીલાલ કરૂણાશંકર ઓઝા.

પ્રાસ્તાવિક.

પરર૯૯:૯૯.

ને દ્રવ્ય એ બન્ને બંધનનાં કારણ છે, અને તેથીજ દરેક મુમુક્ષુ ઇષ્ટસિદ્ધિમાં વિઘ્ન થાય છે. શ્રીજી મહારાજે દરેક સંપ્રદાયનો ઉન્નતિ અવનતિનો ઇતિહાસ તપાસી એવો સુંદર અને સુરક્ષિત સંપ્રદાય બાંધ્યો છે કે સ્ત્રી કે દ્રવ્યનો મોહ થાયજ નહિ. એટલુંજ નહિ પણ એક ...ના અંગોને એવાં સાંકળ્યાં કે બધા સંપીને સંપ્રદાયનું ગૌરવ વધારવામાંજ આદર સેવે. શ્રીજી મહારાજ પૃથ્વીપર હતા ત્યારે તો સત્સંગ નવપલ્લવિત હતો પરંતુ પાછળથી પણ આ સત્સંગ ઉદ્યાન એવોજ નવપલ્લવિત રહે તે માટે કોઇ લાયક નેતાની શોધમાં હતા. પોતાનું કુળ, સગાં વગેરે તો શ્રીજી મહારાજે કોઇને પણ જણાવ્યુંજ નહોતું. અને જો તે બાબતનો દુરાગ્રહ અમુક વ્યક્તિઓએ ન કર્યો હોત તો શ્રીજી મહારાજે પોતાનું કુળ વગેરે પ્રકટ પણ કર્યું નહોત. પણ ન છૂટકે શ્રીજી મહારાજે તે હકીકત સહજ જણાવી ત્યાં તો કોઇ ત્યાગી ધર્મકુળને બોલાવવા ગયા પરંતુ જયારે આ વાતની શ્રીજી મહારાજને ખબર પડી ત્યારે શ્રીજીએ ધર્મકુળને ઠંડો આવકાર આપેલો. ... અંતે પણ શ્રીજી મહારાજને ધર્મકુળને ધર્મધુરા આપવાનો સંકલ્પ નહોતો. જો કે શ્રીજી મહારાજે સર્વના આગ્રહથી ધર્મકુળને ધર્મધુરા સોંપી તો ખરી પણ સાથે સાથે જણાવી દીધું કે " ધર્મકુળ ભોળું છે. તેને વ્યવહારનું જ્ઞાન નથી અને તેથી તેમણે દરેક કાર્ય સારા સંત હરિજનની સંમતિથી કરવું." એટલે કે ધર્મકુળને પણ સ્વતંત્ર હક ન આપતાં એક મોટા ભક્ત તરીકે સ્થાપન કર્યા. તેવીજ રીતે ત્યાગીને તથા હરિજનોને પણ કંઇ સ્વતંત્ર હક નથી આપ્યા. પણ સંત હરિજન અને આચાર્ય એમ ત્રણેને એવા સુંદર રીતે સાંકળ્યા છે કે એક એકથી સ્વતંત્રપણે વર્તી શકાયજ નહિ. પ્રજા અને રાજાનો આવો સુંદર સમન્વય–જરા પણ વિરોધ વગર–બીજે કયાંય હોય એવું અમોએ જોયું નથી.

પણ જેનામાં માયા પ્રવેશ કરે છે. તેને આમ યુથમાં રહેવું પસંદ પડતું નથી અને નિરંકુશ થવા પ્રયત્ન કરે છે. આવા પ્રયત્ન વડતાલ તથા અમદાવાદ દેશમાં થયા છે અને થાય છે. આચાર્ય અને ત્યાગી

ચ્ચે સત્તાની અહમહમિકા થવા લાગી છે. પણ
વિરાજે છે તેથી કોઇનાથી પણ સર્વોપરિ કે નિરંકુશ. ઃ
આચાર્ય સંત અને હરિજન એ ત્રણે મળીનેજ એક બી
કાર્ય કરશે તોજ નભી શકશે. કોઇ પણ અંગ સ્વતંત્ર
નભી શકશેજ નહિ. માટે હજી પણ બગડી ગયું નથી. અને સર્વે
સંપથી વર્તશે તો સંપ્રદાયનું ગૌરવ વધશે અને શ્રીજી મહારાજ
રાજી થશે.

વર્તમાન પ્રસંગ પરત્વે લખવા પહેલાં કેટલાક ભૂતકાળના પ્રસંગો
અત્રે નોંધવા ઉચિત જણાય છે. અમદાવાદ દેશના આગલા આચાર્યશ્રી
તથા વડતાલ દેશના હાલના આચાર્યશ્રીને માયામોહ થયો હતો.
તેથી તેઓને દ્રવ્ય તથા સત્તાનો લોભ થયો અને "બધું આચાર્યનું
છે, તેઓની ખાનગી મીલકત છે" એવો દાવો કર્યો. આ લડત તેઓએ
એવા દુરાગ્રહપૂર્વક ચલાવી કે કોર્ટમાં લાખો રૂપિઆનું પાણી કર્યું
પણ આખરે તે દેવદ્રવ્ય સાર્વજનિક ઠર્યું. બંને દેશમાં એજ પ્રમાણે
થયું છે. આચાર્ય સંબંધી આટલું કહ્યા પછી એ પણ કહેવું જરૂરનું
ત્યાગીને પણ સત્તા લોભ ઓછો નથી. ત્યાગીઓને મહંતાઇનો
એ.. અનિવાર્ય રોગ લાગુ થાય છે કે તેઓને મહંતાઇ છોડતાં પ્રાણ
જાય છે. અને તે જાળવવા અનેક ઉપાય કરે છે. આ પ્રમાણે ભૂત-
કાળના સંગ્રામમાં ત્યાગી તથા આચાર્ય બંને દોષપાત્ર હતા. પરંતુ
આધુનિક કલેશમાં સારા ભાગ્યે તેમ નથી. અને હરિજનોએ પણ સત્યનો
પક્ષ લઇ આ વખતે એવો વજ્રપ્રાયઃ નિશ્ચય કર્યો છે કે હવે તો એવો
પ્રબંધ રચવો કે ફરીથી આવો ધાંધળ થાયજ નહિ, અને શ્રીજી મહા-
રાજે જે નિયમરૂપી શૃંખલાથી સંત હરિજન અને આચાર્યને બાંધ્યા
છે તે ફરીથી અમલમાં મૂકી સત્સંગને ગયેલી કીર્તિ પાછી આપવી.

કેટલાક તરફથી એમ કહેવામાં આવે છે કે પોતાના આચાર્ય
સાથે વિવાદ ન કરવો. આની મતલબ એવી છે કે હાલ જે વિક્ષેપ
ચાલે છે તે આચાર્યશ્રી વિરૂદ્ધનો છે અને તેથી આચાર્યશ્રી સાથે
વિવાદ ન કરવો. આચાર્ય એટલે પાંડે શ્રી વાસુદેવપ્રસાદજી અથવા કોઇ
વ્યક્તિ વિશેષ નહિ પરંતુ જે પોતાના ધર્મ પાળે અને આશ્રિતોને
ધર્મમાં વર્તાવે તેજ આચાર્ય. વળી સાધારણ જનસમાજમાં પાંડે શ્રી
વાસુદેવપ્રસાદજી પોતેજ (આચાર્યશ્રીને બદલે) કાનપુરના જમીનદાર

... સત્સંગીઓ પણ છે તેમને કે ...નાખ જેવું નથી. વિવાદ ન કરવો એટલે તકરાર ... હિતેચ્છુ તરીકે શાંતિથી સત્ય હકીકત સમજાવવી

જરૂરત

મહાકવિ ભારવિ કહે છે કે હિતં મનોહારિ ચ દુર્લભં ... હિતકારી અને મનોહર વાકય દુર્લભ હોય છે. માટે સંત હરિજનોની કડવી સલાહ પણ હિતકારી છે અને વકીલ બારીસ્ટર તથા કલહપ્રિય જનોની મીઠી સલાહ પણ દુઃખદ છે એ સત્ય આચાર્યશ્રીને સમજાય તો હમણાંજ સમાધાન થાય.

વર્તમાન કલેશનું નિરૂપણ ટુંકમાં કરીએ તો એ છે કે મૂળી મંદીરની મહાંતાઇની તથા દેવદ્રવ્યના વહીવટની–વ્યવસ્થાની તકરાર છે. તેમાં મહાંતાઇની તકરારનો સંબંધ દેવદ્રવ્યના વહીવટ સાથે પણ છે. આચાર્યશ્રીને એ મહાંતાઇની નિમણોક કરવાની નિરંકુશ સત્તા હોય તો દેવદ્રવ્યનો વહીવટ પણ નિરંકુશ રીતે કરી શકાય એ સ્વભાવિક છે, તેથી આ બને પ્રશ્નનો સંબંધ અત્રુટિત છે અને બંનેનો નિર્ણય એકી સાથેજ થવો જોઇએ. કલેશનું મૂળ તો એ છે કે આચાર્યશ્રીને આપખુદીથી નિરંકુશ સત્તા ભોગવવી હોય એમ જણાય છે. જે ગાદી સંત હરિજનની સંમતિનેજ આધીન છે, તે ગાદી-આજે સંત હરિજનની લેશ પણ સંમતિ વિના કે તેને જ... ...સમાં લીધા વગર વકીલ બારીસ્ટરોનીજ સલાહથી બધું કાર્ય કરે છે, એટલુંજ નહિ પરંતુ સંત હરિજનોની નિઃસ્વાર્થ દલીલો તથા સલાહને ગણકારતા નથી, તે આચાર્યશ્રી કયાં સુધી સત્તા ભોગવી શકશે ? બેસવાનીજ ડાળ ભાંગવાનો આરંભ થયો છે. વકીલ બારીસ્ટરો કંઇ આચાર્યશ્રીના હિતેચ્છુઓ નથી, તેઓ તો ધન લોભી છે તેની સલાહ સાંભળવા ગાડીઓ દોડાવે અને સંત હરિજનોની સલાહને જે આચાર્યશ્રી ઠોકર મારે તે આચાર્યશ્રીને પોતાનો શિરતાજ માનવાને હવે એક પણ સંત હરિજન કઇ રીતે કબુલ કરે ? આજ દીવસ સુધીમાં આચાર્યશ્રીએ પોતાની શી ફરજો બજાવી છે તે જણાશે ? તેણે સંપ્રદાયને ઉપયોગી એકે કામ કર્યું છે ? અરે સત્સંગી કહેવરાવવાને પણ લાયક છે ? જે રાજા પોતાની વસ્તીને રંજન કરી તાબામાં ન રાખી શકે તો તે રાજનીતિથી અજ્ઞાત છે–મૂર્ખ છે, એમ શ્રીજી મહારાજે કહ્યું છે. આ ભોળાં ધર્મકુળમાં આવી અંધાધુંધી ચાલી આવી છે તેનું કારણજ એ છે કે તેઓને ધર્મધુરાને કેમ વહન

...વી તેનું જ્ઞાન ઓછું છે. નહિ ... ...
પરતુ હવે તેમણે શું કરવું જોઇએ તેનોજ વિચ..
મહારાજના વચન પ્રમાણે તેણે પોતાના સલાહકાર તર ... સત
હરિજનોને રાખવા. સારા સંત હરિજનો એટલે ગજા ... મ નહિ, પરંતુ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ભક્તિયુક્ત એકાંતિક સંત હ... ...નાવા સંત હરિજનોની એક સંસ્થા નીમવી અને તે કહે તેમ જો આચાર્યશ્રી કરશે, તોજ સંપ્રદાયમાં શાંતિ થશે. નહિ તો આચાર્ય પદને જોખમ છે, એ નિઃસંશય છે. શ્રીજી મહારાજે ચોખું કહ્યું છે કે ધર્મકુળમ વ્યવહાર કુશળતાની ખામી છે તેથી જરૂર તેણે સલાહકાર મંડળ રાખવું જોઇએ. પણ વકીલ બારીસ્ટરનું મંડળ રાખવા નથી કહ્યું એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે.

હવે અમો આચાર્યશ્રીએ શી શી ભૂલો કરી છે. તેની યાદી આપીએ છીએ.

૧ તેમણે સારાં સંત હરિજનોની સલાહ લીધી નહિ.

૨ અનેક વિનંતિ તથા આમંત્રણ કર્યાં છતાં પણ મૂળી આવ્યા નહિ અને વઢવાણ કાંપ આવવાને મુ. અબજીભાઇ તરફથી કહેવરાવ્યા ...વાણ કાંપ પણ આવ્યા નહિ અને સંત હરિજનોને એકત્ર કરી સમાધાન કર્યું નહિ.

૩ અગાઉ સમાધાનની સરતોમાં સહી કર્યા છતાં પાળી ...થી.

૪ સત્સંગને જાહેર આમંત્રણ કર્યા વગરજ પોતાના પક્ષના મૂઠ્ઠીભર માણસોમાં પોતાના મનગમતા ઠરાવો કરાવ્યા, પણ સમસ્ત સત્સંગને આમંત્રણ આપ્યું નહિ એટલુંજ નહિ પણ મુળીના જન્માષ્ટમીના સમૈઆમાં સત્સંગ સમસ્ત ભેગો થયો હતો ત્યારે હાજરી આપી નહિ.

૫ છેલ્લા થોડા દિવસ બાદ કરતાં કદી કથાવાર્તામાં—સભામાં આવતા નહિ.

૫ ગ્રહણને દિવસે ધ... વિરૂદ્ધ ગાડીમાં બેસી બહાર નીક...યા હતા.

૬ માત્ર વિરૂદ્ધ પ... નહિ પરંતુ ઘણા મંડળધારી કહે છે તેવી સરતો પણ સ્વીકારતા નથ...

૭ ડીરેકટર બનવું ન જોઇએ તો પણ બન્યા છે.

એવી અનેક ભૂલો છે, અને ઝાઝુ લખવું એ ઠીક નહિ તેથીજ આટલેથી પતાવ્યું છે. હવે જેને સામો પક્ષ કહે છે, તે હરિજનોએ શું કર્યું તે જણાવીએ છીએ.

ઁ ૨.
તે ...

આમંત્રણ થયાં તર
લેવાયાં નહિ.

(૩) સંત, હરિજન, તેમજ આચાર્ય ...
વર્તવા હરિજનો દરેક રીતે તૈયાર છે.

(૪) હરિજનો ઘરમેળે પતાવટ માંગે છે.

(૫) હરિજનો સંપ્રદાયનાં શાસ્ત્રોની સલાહ પ્રમાણેજ સલાહથીજ કાર્ય કરે છે. (આચાર્યશ્રી વકીલ બારીસ્ટરની સલાહ લેછે.)

(૬) હરિજનો કોઇ પણ અંગત સ્વાર્થ કે સત્તા લોભ રાખતા નથી. કેવળ શ્રી૭ મહારાજનો આ સત્સંગ નવ પલ્લવિત રહે તે ખાતરજ અને કેવળ મુક્ત તેમજ સારા સંત હરિજનના આગ્રહથીજ ધર્મ કાર્ય કરે છે.

(૭) સત્સંગ સમાજ સ્થાપીને હરિજનોએ તો કયારનુંય પોતાનું મન્તવ્ય છોડી સમગ્ર સત્સંગના સેવકનું બિરદ ધારણ કર્યું છે.

હવે આચાર્યશ્રી શી રીતે સમાધાન કરવા માગે છે તથા સત્સંગ સમાજ શી રીતે સમાધાન કરવા માગે છે તે જોઇએ. આચાર્યશ્રીની વૃત્તિ કેવી છે એન તેઓ કેવા સત્તા લોભી છે તે તેમની સરતોથી જણાઇ આવશે. આ દરેક સરતો નીચે સત્સંગ સમાજના ખુલાસા પણ આવ્યા છે. તે જણાવ્યા પછી આપણે ખં નો વિચાર કરશું.

૧ આચાર્યશ્રી નરનારાયણની ગાદીનાં સર્વોપરી ધર્મગુરૂ છે જેમાં કોઇ જાતનો શક નથી અને તેથી મહંતોની નીમણુક કરવાની, તેમના ઉપર અંકુશ રાખવાની, તેમની બદલી કરવાની અથવા તેમને કાઢી મૂકવાની તેમને સંપૂર્ણ સત્તા છે. ધર્મકાર્યનો બંદોબસ્ત રાખવાની અને તેના ઉપર અંકુશ રાખવાની, ધર્માદા અને નામવેરો, એકઠો કરવા મંડલધારીઓને બહાર મોકલવાની અને ગાદીના સર્વોપરી

છે. પરંતુ સદરહુ
તે બાબતની આ
હેતુથી આચાર્યશ્રી પોતાની
નાચેના તમામ મંદીરોના વહીવટ માટે નીચે પ્રમાણે ગોઠવણ કરવા તૈયાર છે. (અ) આચાર્યશ્રી તરફથી ચુંટણી માટે બોલાવેલ દરેક મંદીરમાં સત્સંગીઓની સભા તરફથી વધુ મતે ચુંટાએલા એક એવા દરેક મંદીરના ચુંટાએલા મેમ્બરોની એક સલાહકારક કમીટી (ગાદીના મુખ્ય મથક) અમદાવાદમાં નીમવા ૧૪ મંદીરના સત્સંગીઓ દરેક મંદીર તરફથી એક મેમ્બરની નીમણુંક કરી શકશે. (બ) પોતાની ગાદી નીચે આવેલા તમામ મંદીરો તથા તમામ હરીમંદીરોના વહીવટને લગતી દરેક અગત્યની બાબતમાં તે સલાહકારક કમીટી પોતાની સલાહથી આચાર્યશ્રીને મદદ કરશે. (ક) કોઈ બાબત સલાહકારક કમીટીમાં મતભેદ થાય તો તે બાબતનો નિર્ણય વધુમતે કરવામાં આવશે. (ડ) આ સલાહકારક કમીટી દરેક મંદીરો માટે એક મેનેજર પસંદ કરે અને તે પસંદગી આચાર્યશ્રીની સંમતિને પાત્ર રહીને કરવી. સદરહુ મંદીર માટે આચાર્ય તરફથી નીમાયેલા મહંતના તાબામાં રહીને તેવા મેનેજરે મંદીરનો વહીવટ કરવો. ઉપર પ્રમાણે નીમેલો મેનેજર જો રાજીનામું આપે, અથવા ગુજરી જાય અથવા આચાર્ય તેને બરતરફ કરે, તો તેની જગ્યાએ આચાર્યની સંમતિને પાત્ર રહીને સલાહકારક કમીટીએ બીજા માણસને પસંદ કરવો. (ઈ) દરેક મંદીરના ચાલુ કોઠારની ચાવીઓ દરેક મંદીરના મેનેજર પાસે રહેશે. અને દરેક મંદીરમાં વધુમાં વધુ ચાલુ કોઠાર ખાતે કેટલી રકમ રાખવી તે આચાર્યશ્રી નક્કી કરશે. દરેક મંદીરના મોટા ભંડારને બે તાળાં રાખવામાં આવશે એક તાળાની ચાવી આચાર્યશ્રી પાસે અને બીજા તાળાનો ચાવી મજકુર મંદીર તરફથી સલાહકારક કમીટીમાં જે મેમ્બર હશે તેની પાસે રહેશે. સદરહુ મોટા ભંડારમાં કાંઈપણ નાણાં, અથવા મીલકત, અથવા જામીનગીરીઓ અથવા બીજી સેઇફ કસ્ટડીની રસીદો મુકવા

આ

હુકમ ન

જ...

દરેક મંદીરની એક

કરે તેવી જામીનગીરીઓ .. ..

દરેક જામીનગીરી (સીકયુરીટી) આચાય ..
અને જુદા જુદા મંદીરોની સીકયુરીટી મજકુર મંદીરોના મોટા ભંડારમાં રાખવી અથવા તે સેઇફ કસ્ટડી (સહી સલામત) ને માટે મુંબઇ બેંકની અનુકુળ પડતી શાખાઓમાં રાખવી અને જો મુંબઇ બેંકની શાખાઓમાં મુકવામાં આવે તો દરેક મંદીરની રસીદો તેવા મંદીરના મોટા ભંડારમાં રાખવી. ૩ મેનેજરને અનુકુળ હોય તેવા દરેક વખતે ગમે તે સત્સંગી તે મંદીરનો હીસાબ તપાસી શકશે. ૪ આચાર્યશ્રી વચ્ચે અને ચૌદ મંદીરોમાંના દરેક મંદીર વચ્ચે થયેલ આપ લે નો હીસાબ નક્કી કરવો અને એક બીજાને ખાતે એક બીજાનું લેવું દેવું નીકળે તે એક બીજાએ આપવું. હીસાબના ..
તપાસી આ બાબતનો હિસાબ કરવા સલાહકારક કમીટીએ પોતામાંથી ત્રણ મેમ્બરો નીમવા. ૫. આ શરતો વીધાઉટ પ્રેજયુડીસ હોઇ જે તેનો છેવટ સ્વીકાર કરવામાં ન આવે તો કોઇપણ જગ્યાએ કોઇપણ કોર્ટના કામમાં આચાર્ય વિરૂદ્ધ વાપરી શકાશે નહી.

સત્સંગ સમાજના ખુલાસા.

૧ લી શરતમાં મહંતોની બદલી કરવાની તથા તેમને કાઢી મૂકવાની સંપૂર્ણ સત્તા આચાર્યને હોવાનું લખ્યું છે, પરંતુ તેમ કરવામાં કાંઈ વ્યાજબી કારણ હોવું જોઇએ; નીમણુંક પણ પાંચ સદ્ગુરૂઓ તથા પ્રતિષ્ઠિત હરિભકતો પસંદ કરે તેવાની થવી જોઇએ, અને તેમાં પણ પાંચ સાધુ અને તેવાજ પાંચ સત્સંગીઓની સંમતિ લેવી જોઇએ. ધર્મકાર્યનો બંદોબસ્ત રાખવાની, તેના પર અંકુશ રાખવાની, તેમજ ધર્માદા અને નામવેરો એકઠો કરવા મંડળધારીઓને બહાર મોકલવા, વીગેરેની સત્તા આચાર્યને હોવાનું લખ્યું છે, તે ખરૂં નથી. ખરી રીતે

ર ના

. ખાનગી મી-
..વા છે, એ શબ્દની
..ન મુકાતી ભેટ એ મિલ્કત માત્ર
... પાતાના તથા પોતાના કુટુંબનાં ભરણ પોષણ માટે છે. માટે એ શરતમાં એમ હોવું જોઇએ, કે નામવેરો અને ભેટ સિવાયની બધી મિલ્કત ધર્માદાની છે; આમાંતો 'ફક્ત ધર્માદા' સાર્વજનિક ધર્માદા ગણે છે, જેથી ઠાકોરજીની ભેટ વિગેરે પોતાની ગણાય તેવો ઉલ્લેખ છે. ટુંકાણમાં દેવની શું મિલ્કત છે, તે સ્પષ્ટ રીતે જુદી નહિ બતાવવા યુક્તિ હોય એમ જણાય છે.

अ આ પેટા કલમની બાબતમાં જે સલાહકારક મંડળની વાત કરી છે. તે સત્સંગીઓનું પ્રતિનિધિ મંડળ હોવાથી તેમની ચુંટણીના ...માં આચાર્યનો હાથ હોવો જોઇએ નહિ, અને સમસ્ત સત્સંગે મુળીમાં જે જનરલ કમિટી નીમી છે તે કમિટીને પ્રતિનિધિ સ્વતંત્ર રીતે ચુંટવા દેવા જોઇએ. દરેક શિખરબંધી મંદિરે તેના વહીવટ માટે ગામના સ્થાનિક હરિજનોની કમિટિ જુદી જુદી નમવી જોઇએ. ૧૪ મેમ્બરોની સંખ્યા ઘણીજ ઓછી અને નજીવી છે, અને દેશાવરના મેમ્બરો ભેગા થવા અશક્ય છે. માટે તેવા મેમ્બરોની કમિટિ નિરર્થક છે.

ब આ પેટા કલમમાં સલાહકારક કમિટિની સલાહ આચાર્યને બંધન કર્તા હોવાનું લખ્યું નથી તે યુક્તિ છે; માટે કમિટિ જે સલાહ આપે તે પ્રમાણે આચાર્યશ્રીએ વર્તવું જોઇએ. વળી આ કલમ પ્રમાણે હરિમંદિરોનો વહિવટ પણ આચાર્યશ્રીનો છે તેવું માની લે છે, પરંતુ ખરી રીતે તે પ્રમાણે નથી.

क આ કલમમાં લખેલી શરત બીલકુલ વ્યાજબી નથી, કારણ કે મેનેજર કમિટિનો પ્રતિનિધિ હોવાથી તેને મહંતના તાબામાં ન રાખતાં તેની સાથે રહી કામ કરવા દેવો જોઇએ, અને તેવા મેનેજરને ત્યાંની

થાય ના...

વળી આ કલમ

રહેવાને તૈયાર થાયજ નાહ,

વૃત્તિ પ્રમાણે ન વર્તે તો તેને કાઢી મુકે તો ...

વાનો હેતુ રહેતોજ નથી. માટે જ્યાં સુધી આખી કમિટિમાં તે મેમ્બર માટે ઠપકાની દરખાસ્ત પાસ ન થાય ત્યાં સુધી તેને કાઢી શકાય નહિ. કમિટિનો મેમ્બર આચાર્યશ્રીથી બરતરફ કરી શકાયજ નહિ.

ફ આ શરતમાં જે વધારાની શીલીક જામીનગીરીઓમાં રોકવાનું લખ્યું છે, તે ધર્મશાસ્ત્રોથી તદ્દન વિરૂદ્ધ છે. માટે જે કાંઇ વધારો હોય તે મંદિરમાંજ સાધુઓની તથા ઠાકોરજીની સેવામાં યોગ્ય રીતે વાપરવો, અને તે ઉપરાંતની રોકડ શીલીક મંદિરના મોટા ભંડારમાં રહેવા દેવી, પરંતુ તે વ્યાજે અથવા બીજા વેપારમાં કે બેન્કમાં મૂકવી નહિ. મંદિર કમાણી કરવાની કે વ્યાજ ઉપજાવવાની દુકા. ... ધારાનો પૈસો સત્સંગની વૃદ્ધિ થાય તેવી રીતે વાપરવો. નહિતો સત્સંગીઓ જે હેતુથી ધર્માદો આપે છે તે હેતુ તદ્દન નિષ્ફળ જાય છે અને દિન પ્રતિદિન ધર્માદો આપવા તરફથી સત્સંગીઓની વૃત્તિ ઓછી થવાનો સંભવ છે.

(૩) ગમે તે કોઇ સત્સંગીને હિસાબ તપાસવાની છુટ બતાવી, પરંતુ તે મેનેજરની સગવડ ઉપર રાખી તે બરોબર નથી; તેને માટે વખત નક્કી થવો જોઇતો હતો. તેમજ આખા સત્સંગની જાણ માટે આવો હિસાબ વાર્ષીક પ્રગટ કરવાની જરૂ છે.

"વિધાઉટ પ્રેજ્યુડીસનો" અર્થ એ છે કે જો આ શરતો ન સ્વીકારાય તો તે કોઈ પણ ઠેકાણે અને કદી પણ આચાર્યને બંધનકર્તા થાય નહીં.

આ ઉપરથી જણાશે કે, આચાર્યશ્રી તરફથી રજુ થયેલી શરતો તદ્દન અપૂર્ણ છે, અને સત્સંગીઓને શાંતિ પમાડે તેવી નથી, તેમજ સંપ્રદાયના પરંપરાથી ચાલુ આવેલા વહિવટ સંબંધી કેટલાક સિદ્ધાંતોની વિરૂદ્ધ છે. માટે સ્વીકારવા જેવી નથી.

જે
...
તો સત્સંગ
... છે.

... "ઘંટનાદ"ના કર્તાએ જે હકી-
... જણાવ્યા છે તે તપાસીએ. પ્રથમ તેઓ પોતાને "તટસ્થ" ઓળ-
ખાવે છે. પણ તેમની તટસ્થતા નથી જણાતી પણ આચાર્યશ્રીના પક્ષ-
કાર જણાય છે. તેઓએ મૂળીની મહા સભામાં હાજરી આપી નહોતી
વળી તેઓ સમાધાન કરવા તથા સત્સંગમાં શાંતિ સ્થાપવા ધારે છે.
પણ તેમની ભાષા તથા મિથ્યા દોષારોપ જોતાં તેઓ કલેશ શાંત કરવા
નહિ પણ એક તરફી હકીકત દ્વેષ ભાવથી કડવા શબ્દમાં જણાવી
બળતામાં ઘી હોમતાં જણાય છે, તેઓશ્રી જણાવે છે કે:—

"એ રીતે મુળીના મંદિર ઉપર ત્યાગીઓનું સામ્રાજ્ય સ્થાપન ... કેટલીક મુદ્દતે આચાર્યશ્રી યોગ્ય ઉમ્મરના થતાં તેઓ-શ્રીને ટ્રસ્ટીઓ તરફથી શ્રી નરનારાયણ દેશની કુલ અધ્યાત્મિક હકુમત સ્વતંત્ર રીતે સોંપવામાં આવી, તે ઉપરથી તેઓશ્રીએ તાબાનાં તમામ મંદિરોનો વહીવટ બારીકીથી તપાસવા માંડયો. આ તપાસમાં મુળીના મંદિરનો વહીવટ તેઓશ્રીને ગંભીર ઘોટાળા ભરેલો જણાતાં ઘણા દિ...-થી ત્યાં ઘર કરી રહેલા તે મંદિરના ત્યાગી મહંત વગેરેને ત્યાંથી ખસેડવાની જરૂર જણાઇ અને તેથી તેમની પાસેથી મંદિરના વહીવટનો કબજો લેવા તેઓશ્રીએ સુલેહ ભરી કોશિશો કરવા માંડી."

મૂળી મંદીરના મહંતે ગોટાળા કર્યાનો દોષારોપ કરે છે પણ
કયા ઘોટાળા છે તે હિસાબ બહાર પાડી આચાર્યશ્રી કે તેમના પક્ષના
જણાવશે કે? વળી ઘંટનાદના કર્તા આજે બધું બળી ગયુ
ત્યારે શંખ ફુંકવા બહાર પડયા ત્યારે જે વખતે ઘોટાળા
ચાલતા હતા ત્યારે શંખ ફુંકી ટ્રસ્ટીઓને કેમ જગાડયા નહિ?
વસ્તુસ્થિતિ તો એ છે કે મૂળી મંદિરના મહંતના જેવો ત્યાગ વૈરાગ્ય
અને ધર્મપરાયણતા બીજા સંતોમાં ભાગ્યેજ હશે. પરંતુ તે મંદિરમાં

જ.
મહાલા
ભરાનું
લાગણીથા .નાહ
હતો. વળી મહ.
તેમને કંઇ આચાર્યશ્રી જવા સ..
જેમ કહે તેમ કરવા તેજ વખતે કબુલ કર્યુ હતુ. નાહ ૭
તદ્દન અસત્ય છે.

વળી તેઓ લખે છે કે આચાર્યશ્રીને "અધ્યાત્મિક હકુમત" સોંપવામાં આવી. અધ્યાત્મિક હકુમત એટલે શું? મૂળી મંદીરનો કબજો ન મળ્યો તેથી "આચાર્યશ્રીની અધ્યાત્મિક હકુમત નષ્ટ થવાનો સમય આમ આવી પહોંચ્યો." આ વાક્યો "અધ્યાત્મિક" શબ્દો નો અર્થ સમજનાર માણસ વાપરી ન શકે "અધ્યાત્મિક" હકુમતમાં મીલકતનો સમાવેશ શી રીતે આવી શકે? સત્ય તો એ છે કે આચાર્યશ્રીને અધ્યાત્મિક હકુમત—નહિ પણ લૌકિક હકુમત-કે પાર્થિવ માયિક હકુમત જોઇએ છીએ.

"ઉપર પ્રમાણે મંદિરનો વહીવટ સુલેહ શાંતિથી કબજે લેવાનો આચાર્યશ્રીનો પ્રયત્ન કેવળ નિષ્ફળ જવાથી તેઓશ્રીએ તે સંબંધમાં કેટલાક પ્રતિષ્ઠિત સત્સંગીઓની સંમતીથી કાયદેસર પગલાં લેવાનું નક્કી કર્યું, અને ઝાલાવાડ પ્રાંતના પોલિટિકલ એજંટની કોર્ટમાં મંદિરનો વહીવટ પોતાને કબજે લેવા દીવાની રાહે ફરીઆદ નોંધાવી."

આચાર્યશ્રી સુલેહ શાંતિથી કબજો લેવા માંગતા હતા કે જોહુકમીથી કબજો લેવા માગતા હતા તે તો જગજાહેર છે વળી પ્રતિષ્ઠિત (?) સંત્સંગીઓની સંમતિ ક્યારે અને ક્યાં લીધી, ક્યાં સભા ભરી વગેરે જણાવ્યું હત તો ઠીક વાત. જોહુકમી ન ચાલી એટલે કોર્ટનું શરણ લીધું તેજ બતાવે છે કે સુલેહ શાંતિ વાપરીજ નહતી.

'આ કોલાહલનું પરિણામ એ આવ્યુ કે આચાર્યશ્રી ઉપર કેટલાક અતિશયોક્તિ ભરેલા આક્ષેપો થવા લાગ્યા,"

. ७.
આપે ?

...ા સ્વતંત્ર ગુંડો
....નાની તીવ્ર લાલસામાં જાહેર રીતે
... ...ુજા બની બેઠેલા આ ત્યાગી મહાત્માઓએ આટલેથી નહિ અટકતાં તા. ૧૦ મી માહે અક્ટોમ્બર સને ૧૯૨૦ ના રોજ વીરમગામ મુકામે કેટલાક સત્સંગી બંધુઓને એકઠા કર્યા અને હાલના સમયે સમગ્ર દેશમાં આપણા દેશનાયકોએ ચલાવેલી અસહકારની ચળવળનો લાભ લઈ એ નવીન શસ્ત્રના ઉપયોગ પોતાના પરમપૂજ્ય ધર્માચાર્યશ્રી સામે કરવા પ્રથમથીજ તેમણે ગોઠવેલો ગુરૂમંત્ર તેમની આગળ યુક્તિપૂર્વક મૂકયો ? આ ગુરૂમંત્રનું પરિણામ એ આવ્યું કે ત્યાં એકઠા મળેલા સત્સંગી બંધુઓએ સમગ્ર સત્સંગીઓના મતની કાંઇપણ દરકાર કર્યા સિવાય કેવળ આપખુદી સત્તાથી સત્સંગ મહાત્માનું નામ ધારણ કરી "આચાર્યશ્રી ધર્મવિરૂદ્ધ વર્તન કરે છે." એવો ગોફણગોળો ગબડાવીને "અમારો બીજો ઠરાવ (હુકમ ?) થતાં સુધી કોઇ સત્સંગીએ આચાર્યશ્રીને આચાર્ય તરીકે માનવા નહિ !"

આ પણ અસત્યજ છે. દ્રવ્ય અને સ્ત્રીના ત્યાગીઓ ઉપર આ હરિજનભાઇ દેવમંદિરમાં સ્વતંત્ર ગુંડો રોપી દેવાનો આરોપ મુકે છે શું આ ત્યાગીઓએ મંદિરોને આચાર્યશ્રીની માફક પોતાની માલીકીનાં કરી પચાવી પાડયાં છે ? શું તેઓને આચાર્યશ્રીની માફક ગાડી ઘોડો કે વાડી બંગલા બાંધવા છે કે તેમને મીલકત ભેગી કરી શેઠીઆ બની કોઈ બેંક કે કંપનીના ડીરેક્ટર બનવું છે ? વળી અસહકાર કરવા સાંમે તેમાં વાંધો દર્શાવ્યો છે તે પણ વાજબી નથી. જે ધર્માચાર્ય પોતાના ધર્માનુસાર વર્તન ન કરે અને વિરૂદ્ધ વર્તન કરી સંપ્રદાયને છિન્નભિન્ન કરે તેને ન માનવા એ તો શ્રીમુખે શ્રીજીમહારાજે તે પોતેજ કહ્યું છે. અસહકારને "ઘંટનાદના" કર્ત્તા "ચળવળ" કે "નવીન શસ્ત્ર" કહે છે તે પણ ખોટું છે. તે પવિત્ર તપશ્ચર્યા છે. અને અનાદિથી ચાલી આવેલો અધર્મ વિરૂદ્ધનો શાંત અને પવિત્ર પ્રતિકાર છે વળી તે લેખક

અમુક
સભામાં
પોતાના નામ
તો લેખક આ
થયા છે. અને દરેક ......
હજાર હરિજનો સહીથી) મહાસભાના ......
નિર્વિવાદ છે. ઠરાવને " જોહુકમી " ગણે છે. તે " જોહુકમી " શબ્દ આચાર્યશ્રીના પક્ષમાં સુપરિચિત હોવાથીજ ઠરાવને જોહુકમી સાથે સામ્ય બતાવે છે વળી જણાવે છે કેઃ—

" ઉપરનો ઠરાવ જર્મન સીલ્વરનાં વાસણો વેચનાર એક વ્યાપારી ધર્મબંધુની સહીથી હેન્ડબીલ રૂપે ઠામઠામ પ્રસિદ્ધ થતાં તે ઠરાવમાં લખેલી હકીકત સત્ય વસ્તુસ્થિતિને જાણનારા ઘણા સ્વધર્મનિષ્ટ ધર્મબંધુઓને જર્મન સીલ્વરના જેવીજ કૃત્રિમ જણાઈ. " આ વાક્યથી પ્રમુખશ્રી ઉપર અણઘટતો આક્ષેપ મુકી લેખક પોતાનીજ અકુલીનતા પ્રકટ કરે છે. વિરમગામની સભાના પ્રમુખ તો શ્રીજી મહારાજના વચનામૃત પ્રમાણેના મોટા જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ હરિજન હતા. જ્યારે વઢવાણ કેમ્પની કહેવાતી સભાના પ્રમુખ લૌકિક દ્રષ્ટિએ ભલે રાજા હતા. છતાં સંપ્રદાયમાં તેમની મોટપ કહેવાયજ નહિ. અમોએ તેમને સત્સંગના કાર્યમાં ક્યારેય પણ ભાગ લેતાં જોયા નથી. શ્રીજી મહારાજની આજ્ઞા ઉપાસના તેમને હશે તેના કરતાં કરોડ ગણી અધિક વિરમગામના પ્રમુખને છે. માટે વિરમગામનો ઠરાવ જર્મન સિલ્વર જેવો " કૃત્રિમ " નહિ પરંતુ તે ઠરાવની એવી તો શેહ પડી છે કે જે આચાર્યશ્રી સભામાં બેસતા નહિ તે હવેથી (એટલે વિરમગામના ઠરાવ પછી) સભામાં બેસવા લાગ્યા છે. એ આ ઠરાવના નક્કરપણાનો પ્રત્યક્ષ ચમત્કાર છે. માળીઆ દરબારશ્રીને " સત્સંગના મહાન્ સ્તંભ " કહેવા અને હરગોવનભાઇ જેવા એકાંતિકને " કૃત્રિમ " જણાવવા એ કમળાના દરદીને થતી ભ્રાંતિ જેવુંજ છે. વળી વઢવાણની કહેવાતી સભાને "ઘણા સુપ્રતિષ્ઠત સદ્ગુરૂઓ ત્યાગીઓ અને પ્રતિષ્ઠિત સત્સંગીઓની એક જંગવર સભા "

પવિત્ર
ગ દૃષ્ટાંત
જન્મનામરણના
ા એવાં કયાં
છે ? ગાદી દીપતી
પત્રાખાન (!) ગવાતજ નહિ !!

આચાર્યશ્રીની વિદ્વતા વિષે તો શું લખવું ? તેમના અધ્યાપકોના-
નાજ ઉદ્‌ગાર અત્રે આપીએ તો તેમની વિદ્વત્તા (?) ખુલ્લી થાય.
ટ્રસ્ટીઓ પણ જાણે છે કે લોકલાજથી પણ આચાર્યશ્રીને ભણાવતાં
કેટલી તસ્દી પડી છે.

"એ રીતે આચાર્યશ્રીનો પક્ષ સઘળી રીતે સબળ હોવા છતાં
પણ પોતાના કોઇ પણ આશ્રિત સત્સંગીના અંતરમાં કોઇ પણ પ્રકા-
રનો અસંતોષ ન ઉત્પન્ન થાય અને સત્સંગમાં સુલેહ શાંતિ સંપૂર્ણ
રીતે જળવાય તેટલા માટે તેઓશ્રીએ એક પવિત્ર ધર્માચાર્યને છાજે
તેવા રીતે આ ધર્મવિગ્રહનો સમાધાનીથી અંત લાવવા તે સભામાં
કબુલ્યું હતું અને પ્રતિપક્ષીઓની બે દિવસ સુધી રાહ જોતાં તેઓ
નહિ આવ્યાથી તા. ૧૯–૧૦–૨૦ ના રોજ સમાધાન કરવાની એક
આજ્ઞા પત્રિકા પોતાની સહીથી બહાર પાડી, છતાં પોતાનો ખોટો
કક્કો ખરો કરવા સારૂ આખો સંપ્રદાય વલોવી નાખવા ઇચ્છનારા
કેટલાક પ્રતિપક્ષીઓએ એ પવિત્ર આજ્ઞા પત્રિકાનો કેવળ અનાદર
કર્યો અને આચાર્યશ્રીના એ અત્યુત્તમ વિવેક, વિનય, સ્વઆશ્રિતો
ઉપરનો નૈસર્ગિક પ્રેમ અને સહનશીળતાનું પરિણામ કેવળ શુન્યમાંજ
આવ્યું !"

તેમાં હડહડતું જુઠ ભર્યું છે. આચાર્યશ્રીએ પ્રતિપક્ષીઓની સમા-
ધાન માટે રાહ જોઇજ ન હતી. તેમની સરતો અગાઉ અમોએ પ્રકટ
કરી છે. તે કેવી આપખુદી સત્તા માંગનારી છે. તે પણ સર્વ સત્સં-
ગીઓને વિદિત છે. આવી સરતો માન્ય રાખવી એ અયુક્ત છે. માટે
સમાધાન કરવાના પ્રયાસ તો ફારસ રૂપજ હતા. વળી આચાર્યશ્રીના
તે પ્રયાસને "અત્યુત્તમ વિવેક, વિનય, સ્વાશ્રિતપરનો નૈસર્ગિક પ્રેમ

તેમ

વઢવાણ
નો નિષ્ઠુર જ
સમાધાનના વાજબી અને ધ...
નારને "સહનશીલ" કહેવા એ કેટલું અયુક્ત છે?

ત્યાર પછી લેખક વિષયાંતર કરી વિતંડાવાદ ચલાવે છે. ખીલાફતનો દાખલો ટાંકી ધર્મગુરૂ માટે મરવાની અને તેના પ્રતિષ્ઠા જાળવવા માટે ઇસ્લામી ભાઇઓ માફક આપણને લેખક મરી ફીટવા જણાવે છે. લેખકને આ દૃષ્ટાંત માટે "હજારો માઇલ" દૂર જવું પડયું. પણ અમારે તો શ્રીજી મહારાજના વચન જરા પણ છેટે નથી અને તેનું જ પાલન કરવું વધારે ઇષ્ટ છે. ખરા ધર્માચાર્ય પાછળ સત્સંગીઓ જાન અર્પવા પણ ઇસ્લામી ભાઇઓ કરતાં પાછા પડે તેમ નથી.

વળી લેખક "ગંગા, ગાય, ગોસ્વામીનું ગૌરવ નહિ ઘટાડવા" ભલામણ કરે છે. લક્ષ્મીપ્રસાદ મહારાજને થાબડયા કર્યું હોત તો આપણા સંપ્રદાયને કલંક લાગત.

શ્રીજી મહારાજે આપણને એવી અંધ શ્રદ્ધા રાખવાનું કહ્યું નથી. વળી લેખક ન કરવાની લીલા કરતા ધર્મગુરૂ તરફ મહિમાની દૃષ્ટિ રાખે છે, ત્યારે ધર્મપરાયણ ત્યાગીઓને ધાંધલ કરનારા જુએ છે. એ કેટલું શોચનીય છે?

આગળ ચાલતાં લેખક "સ્વામિનારાયણ" માસિક પર તરવાર (કલમ) લઇ કુદી પડયા છે. ખરૂં છે કે ક્રોધાવિષ્ટ મનુષ્યને સંમોહ, બુદ્ધિ નાશ વગેરે અનર્થ નડે છે, તેમજ એ લેખકને થયું જણાય છે. સ્વામિનારાયણ માસિક વિષે યદ્વા તદ્વા લખવા કરતાં તેની હકીકતો નો જવાબ આપ્યો હત તો સારૂં થાત. વળી લેખકને "શ્રીજીમહારાજનો પત્ર" રૂચતો નથી. જે ભક્તને ઇષ્ટદેવની વાણી અમૃત સમાન ન લાગે પણ અરૂચિ ઉત્પન્ન કરે તેને સત્સંગી કહેવો કે કેમ એજ એક સવાલ છે.

નું કે
ર્યશ્રીને

.થી. કોણ કહેશે
..૯ પાડી શ્રીજી મહારાજે અમુકને
..રા કરી અને બીજાને નરમ આજ્ઞા કરી? ઉલટું આચાર્યશ્રી તો ધર્મધુરંધર હોવાથી તથા ગૃહસ્થ હોવાથી તેના ધર્મ તો અત્યંત કઠિન છે–તેમને સૌથી વધારે આદર્શ વર્તન રાખવાની અપેક્ષા છે–એ કે શ્રીજી મહારાજનો ઉદ્દેશ તો એવો છે કે સર્વેએ આચાર્ય સંત હરિજનોએ પોત પોતાના ધર્મમાં ચુસ્ત રહેવું, કેમકે આચાર્યશ્રીએ તો સર્વને ધર્મમાં રખાવવાના છે. ધર્મમાં કોણ વર્તાવી શકે? ધર્મનો આચાર્ય. આચાર્ય એટલે પોતે આચાર પાળે અને આશ્રિતોને પળાવે તેજ; હરિજનો અને સાધુની પણ જવાબદારી તેટલીજ છે. પણ તેઓ ધર્મમાં ન વર્તે તો (તે અધર્મી તો પાપાચરણનું ફળ ભોગવશે જ પરંતુ) આચાર્યશ્રી, પણ સ્વાશ્રિતોના, અધર્માચરણના દોષભાગી થાય છે. વળી લેખકે ત્યાગીઓનાં દૂષણ ઉઘાડા કરવાની બીક લટકાવી રાખી છે. અને હાલ તરત તેમને દુર્વાસા બનાવવા નથી માગતા પણ લેખકે એટલું તો જાણવું જોઇએ કે સત્સંગમાં ધર્મલોપ હોય તો આચાર્યશ્રીજ તેમને માટે જવાબદાર છે. શા માટે તેવા ધર્મ લોપ કરનાર ત્યાગીને વીણી વીણીને તેનો દોષ સાબિત કરી કાઢી મુકતા નથી? પણ પોતે શુદ્ધ હોય તોજ આ કાર્ય થઈ શકે. માટે લેખકને અમારી ભલામણ છે કે ત્યાગીને દુર્વાસા બનાવવા પહેલાં આચાર્યશ્રીને ખરા ધર્માચાર્ય બનાવવાનો પરિશ્રમ લેશો તો ત્યાગીને દુર્વાસા બનાવી તેના શ્રાપ વહોરવાનો ભય નહિ રહે.

ઉપસંહાર કરતાં લેખક જણાવે છે કે,

"ઉપરની એકંદર હકીકત ઉપરથી મારા સર્વ ધર્મબંધુઓના ધ્યાનમાં આવશે કે આ ધર્માવગ્રહ અથવા આચાર્યશ્રી ઉપરના આક્ષેપો મુળી માંદિરની મીલ્કતના સ્વામિત્વને માટે છે."

છે.

(૨) આચાર્યને, સંતને, કે હાર

હોવી જોઇએ પણ દરેકની સલાહ મનાવુ

સંત હરિજન અને આચાર્યશ્રીનું સંયુક્ત

ચલાવે એ હરિજનોની ઇચ્છા શ્રીજીમહારાજના

ટુંકમાં ઉપર જણાવેલી સત્ય હકીકત દરેક ધર્મ બંધુ ... હકીકતનું મનન કરી પોતાનો અભિપ્રાય સત્સંગ સમાજ પર મોકલી આપશે. અગર ચોપાનીઆ દ્વારા બહાર પાડશે. અથવા કોઇ સમૈયાપર કોઇ નિયુક્ત સ્થળે સર્વ સંત હરિજનો તથા આચાર્યશ્રી ભેળા મળી હજી પણ વિચાર કરી સત્સંગના વહીવટ માટે કામનું બંધારણ ઘડી કાઢશે તો ડહાપણ ભરેલું ગણાશે. અંતમાં શ્રીજીમહારાજ સર્વને સદ્‌બુદ્ધિ આપો અને શ્રીજી સત્સંગમાં પ્રગટ છે અને તેનો સત્સંગ દિવ્ય છે અને ધર્મકુળ ધર્મ પાળતા પળાવવા માટેજ છે એ સત્ય સર્વને સમજાઓ એવી પ્રાર્થના સાથે બોલો શ્રી સહજાનંદ સ્વામીની જય.

લી. સત્સંગ સેવક,

રતીલાલ કૃષ્ણાશંકર ઓઝા.

નાથદ્વારા

પ્રિન્ટિંગ પ્રેસમાં

...લાલ મંગળદાસે છાપ્યું.